આવતીકાલનો ઉજાસ

જગદીપ બી વાઢેર
ધોરણ-૯
આદર્શ નિવાસી શાળા (અજા)

જગદીપ શરૂઆતથી જ અભ્યાસ અને ઇતર પ્રવૃત્તિઓમાં કુશળતા ધરાવે છે. આ ઉપરાંત વિવિધ કાર્યક્રમોનું સફળ સંચાલન કરવાની પણ ક્ષમતા ધરાવે છે. તે રમતોત્સવમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે તેમજ અદ્‌ભૂત ચિત્રો દોરવાનો પણ શોખીન છે. શાળાની વિવિધ પરીક્ષાઓમાં તે પહેલેથી જ અગ્રેસર રહ્યો છે.

પ્રકાશ એમ મકવાણા
ધોરણ-૧૦
આદર્શ નિવાસી શાળા (અજા)

પ્રકાશ અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓને પણ વિશેષ મહત્ત્વ આપે છે. સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા ઝોન કક્ષાના શાળાકીય રમતોત્સવમાં સેન્ટ ઝેવિયર્સ ખાતે એથ્લેટીક્સ સ્પર્ધા અંતર્ગત લાંબી કૂદમાં ઉજળો દેખાવ કરી તેણે દ્વિતિય ક્રમનું ઈનામ પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત ૧ કિમી જલ્દચાલમાં તેણે પ્રથમ અને કબડ્ડીની સ્પર્ધામાં દ્વિતિય સ્થાનનું ઈનામ પ્રાપ્ત કર્યું છે.

૩૦૦ પોલીસકર્મીઓને આસન-પ્રાણાયામનું પ્રશિક્ષણ

ગાંધીનગર, તા. ૨૪

વૈદિક મહાસભાની ગાંધીનગર શાખા દ્વારા ગાંધીનગર જિલ્લાના બિનહથિયારધારી કોન્સ્ટેબલ કક્ષાના ૩૦૦ જેટલા યુવક-યુવતીઓ માટે શિબિર યોજાઈ ગઈ. આ શિબિરમાં યોગ પ્રશિક્ષક બ્ર. વિક્રમસિંહ આર્ય દ્વારા આસન, પ્રાણાયામ, ધ્યાન, આદિનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. સાથે સાથે નૈતિકતા, તથા પ્રામાણિકતાના ગુણોને ધારણ કરવા પ્રેરણા આપવામાં આવી હતી.

પાંચ દિવસ ચાલેલ આ શિબિરનો સમાપન સમારોહ ગત મંગળવારના રોજ સવારે ૮.૦૦ થી ૯.૩૦ દરમ્યાન પોલીસ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ ગયેલ. આ પ્રસંગે ગુજરાત સરકારના પૂર્વ મંત્રી તથા વૈદિક મહાસભાના શુભચિંતક શ્રી રજનીકાંતભાઈ રજવાડી, વૈદિક મહાસભાના મહામંત્રી શ્રી અરવિંદભાઈ રાણા, હેડક્વાટરના પી.આઈ. શ્રી એ.જે. ઝાલા, આરએસઆઈ શ્રી કે.એ. વાઘેલા તથા એડીઆઈ શ્રી એસ.જી. વાઘ ઉપસ્થિત રહ્યા હતા. સમારોહના પ્રારંભમાં પોલીસના જવાનો દ્વારા આસનોનું રોમાંચકારી નિદર્શન કરવામાં આવ્યું હતું. નિદર્શન બાદ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી રજનીકાંતભાઈ રડવાડીએ કહ્યું ંહતું કે, પોલીસની કામગીરી સરળ નથી. સતત કામના કારણે તનાવ ઉત્પન્ન ન થાય તે માટે આસન, પ્રાણાયામ જેવી વિદ્યાનો અભ્યાસ કરવાની ટેવ પાડવી જોઈએ. તેમણે પોતાના દૈનિક કાર્યોમાંથી આનંદ મેળવવાની ટેવ પાડવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શ્રી અરવિંદભાઈ રાણાએ જણાવ્યુ ંહતુ ંકે સ્વયં અનુશાસનમાં રહેનાર વ્યક્તિ જ અન્યોને અનુશાસનમાં રાખી શકે છે. તેમણે અનુશાસનનું મહત્વ સમજાવી યુવક-યુવતીઓને પુર્ણરૂપે અનુશાસીત બનવા પ્રેરણા આપી હતી. શરીરને સ્વસ્થ અને બળવાન બનાવવા નિયમિત વ્યાયામ કરવાની તથા બિનહથિયારધારી પોલીસની કામગીરી કરવાની હોવાથી કરાટે જેવી સ્વબચાવની કલા હસ્તગત કરવા અનુરોધ કર્યો હતો. શ્રી એ. જે. ઝાલાએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જવાનોને નિયમિત આસન-પ્રાણાયામ કરવા પ્રેરણા આપી હતી. યોગ શિક્ષક શ્રી વિક્રમસિંહ આર્યએ પોતાના અંતિમ ઉદ્‌બોધનમાં પોલીસ જવાનોને નિર્દોષ વ્યક્તિઓને ક્યારેય હેરાન ન કરવા તથા તેમનું રક્ષણ કરવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. રાષ્ટ્રના ઉત્થાન માટે પુર્ણ પ્રામાણિકતાર્થે કાર્ય કરવા પ્રેરણા આપી હતી. આ પ્રસંગે વૈદિક મહાસભા દ્વારા તમામને વૈદિક સાહિત્ય ભેટ આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા ગાંધીનગરના એસ.પી. અર્નાશિવહરે તથા ડીવાયએસપી શ્રી ડી.એસ. પટેલ દ્વારા પૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એડીઆઈ શ્રી એસ.જી. વાઘ દ્વારા કરવામાં આવ્યું હતું.

યુથ કેમ્પસ

- ધ્વનિલ પારેખ
gsrelation@yahoo.com

સંશોધન વિવાદ જગવે પણ...

સલમાન રશ્દીની નવલકથા 'ધ સેતાનીક વર્સીસ'ના કારણે ખાસ્સો વિવાદ જે તે સમયે ઊભો થયો હતો અને ત્યારબાદ વિવાદ સલમાન રશ્દીનો પીછો છોડતો નથી. કોઈ ને કોઈ રીતે રશ્દી વિવાદના કેન્દ્રમાં રહેતા આવ્યા છે. થોડા દિવસો પૂર્વે 'જયપુર લિટરરી ફેસ્ટિવલ'માં ઉપસ્થિત રહેવા સંદર્ભે પણ વિવાદ થયો હતો અને રશ્દીએ ભારત સરકાર ઉપર આક્ષેપો પણ કર્યા હતા. મુસ્લિમ સંસ્થાઓ રશ્દીના નામ માત્રથી ભડકે છે. પણ આજે આ કૉલમમાં રશ્દી અને એના વિવાદો વિશે લખવાનો જરા પણ હેતુ નથી. આજે તો રશ્દી વિશે થનાર એક વિદ્યાકીય સંશોધન કાર્ય અને એના કારણે જે વિવાદ થયો છે કે થવાનો છે એની વાત કરવી છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન - યુજીસી વિદ્યાકીય સંશોધન કાર્ય માટે અધ્યાપકોને ઘણી બધી સગવડો આપે છે છતાં સંશોધન ક્ષેત્રે ગુણવત્તા સંદર્ભે સતત પ્રશ્નો થતા રહે છે. (અધ્યાપકીય સંશોધન એટલે ગુંદરપટ્ટી અને કૉપી-પેસ્ટનું કામ એવું

મેરઠ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના ડૉ. પ્રભા પરમાર સલમાન રશ્દીના સાહિત્ય સંદર્ભે યથાર્થ અને કલ્પના ઉપર સંશોધન કાર્ય કરે એ માટે યુજીસીએ એમને પોસ્ટ ડોક્ટરેટ આપવાનું નક્કી કર્યું છે. ડૉ. પ્રભા પરમારે આ પૂર્વે રશ્દીની નવલકથાઓના વિષયવસ્તુ ઉપર સંશોધન કાર્ય કર્યું હતું. આ કાર્ય માટે ડૉ. પ્રભાને મહિને રૂા. ૨૫,૦૦૦ મળશે અને અંતિ બે વર્ષોમાં રૂા. ૩૦,૦૦૦ મળશે. મુદ્દો કેટલી રકમ મળશે એ નથી પણ ડૉ. પ્રભાએ આ વિષય પસંદ કર્યો એ છે. ડૉ. પ્રભાનાં સંશોધન વિશેની વિગતો જેવી પ્રકાશમાં આવી કે કેટલીક સંસ્થાઓએ વિરોધ નોંધાવવાનું શરૂ કરી દીધું. (સંશોધન પણ હવે કેટલીક સંસ્થાઓને ધ્યાનમાં રાખીને કરવું પડે એવી સ્થિતિ છે, ભાઈ !!!)

સલમાન રશ્દી નવલકથા સંદર્ભે જે વિષયવસ્તુ રજૂ કરે છે અથવા તો એમાંથી જે ધ્વન્યાર્થ પ્રગટ થાય છે એની સાથે સંમત-અસંમત હોઈએ, રશ્દીના સાહિત્યની ઘોર

કેટલાકે તો પ્રેમપૂર્વક સ્વીકારી પણ લીધું છે !) યુજીસી માઈનર, મેજર રીસર્ચ પ્રોજેક્ટ સંદર્ભે કે પોસ્ટ ડોક્ટરેટ સંદર્ભે અધ્યાપકોને સંશોધન કાર્ય માટે આર્થિક સહાય (સારી એવી રકમ) આપતી હોય છે પણ વાતાવરણ ઉદાસીન જોવા મળે છે. જેમને આ સહાય મળતી હોય છે એમનું વલણ પણ પાછું તપાસવા જેવું છે. સહાય મળી ગયા પછી એમનું વલણ ઉપર કૌંસમાં દર્શાવ્યા પ્રમાણેનું મોટે ભાગે જોવા મળે છે. સંશોધન વિશેનો પોતાનો અભિગમ કે સંશોધન સંદર્ભે પોતના નવા એક-બે વિચારો વિશે વિચાર કરવાનું સંશોધકને પછી સૂઝતું નથી. રીસર્ચ પ્રપોઝલ આકર્ષક બનાવીને મૂકવામાં આવે છે પણ રીસર્ચ એટલું આકર્ષક કે પ્રભાવક નીવડતું નથી.

આવી સ્થિતિમાં કોઈ સંશોધક વિવાદાસ્પદ વિષય ઉપર કામ કરે અને એના કામના પ્રારંભે જ પાછો વિવાદ ઊભો થાય ત્યારે એ તરફ ધ્યાન ખેંચાય એ સ્વાભાવિક છે.

ટીકા કરીએ, પણ વિરોધ શા માટે ? અને આ તો સંશોધન કાર્ય છે. સંશોધન કાર્ય સંદર્ભે ઉપર જણાવેલી સ્થિતિ પ્રવર્તતી હોય ત્યારે કોઈ સંશોધક જરા જુદા વિષય ઉપર, પડકારજનક લાગે તેવા વિષય ઉપર કામ કરે છે ત્યારે એને માટે એ વિષય ઉપર કામ કરી શકાય એવું સાનુકૂળ વાતાવરણ ઊભું થવું જોઈએ, કરવું જોઈએ. યુજીસીએ તો સગવડ ઊભી કરી આપી છે અને એક વિદ્યાકીય સંસ્થાને છાજે એવું કાર્ય કર્યું છે. પણ પ્રશ્ન અન્ય સંસ્થાઓનો છે. ડૉ. પ્રભા પરમાર તો એક ઉદાહરણ માત્ર છે. ડૉ. પ્રભા પરમાર જેવાં તો કેટલાંયે સંશોધકો હશે કે એમણે પણ કંઈક નવું, પડકારજનક કાર્ય કરવું હશે પણ અમુક-તમુક કારણોસર એય ચીલાચાલુ સંશોધન કાર્ય કરીને અટકી જતા હશે. સંશોધન સ્વસ્થ વિવાદ જગવે એ જરૂરી છે પણ માત્ર વિવાદ જગવવા ખાતર જ સંશોધન થાય તો એવાં સંશોધન અંગે પણ વિચાર કરવો રહ્યો !

જીટીયુ દ્વારા સત્ર સુધી તપાસ હેવાલ રજૂ કરવા તાકીદ કરાઈ

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીએ સરપ્રાઈજ ચેકીંગ કરતી કમિટીને વિવિદ વિદ્યાશાખાની સત્ર પૂર્ણ સુધીમાં તપાસ અહેવાલ સુપ્રત કરવા તાકીદ કરી છે. અત્રે ઉલ્લેખનીય છેકે જીટીયુની કમિટી દ્વારા વિવિધ ૪૯૦ કોલેજોમાં સરપ્રાઇઝ ચેકીંગની પ્રક્રિયા હાથધરવામાં આવી છે.

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા ઇજનેરી, ફાર્મસી, એમબીએસ, એમસીએ, બીફાર્મ અને એમ ફાર્મ સહિતની વિવિધ ૪૯૦ કોલેજોમાં સરપ્રાઇઝ ચેકીંગની કાર્યવાહી હાથધરવામાં આવી હતી. આ કાર્યવાહી જાન્યુઆરી મહિનામાં શરુ કરવામાં આવી હતી અને ૩૧મી માર્ચે પૂર્ણ કરવાની હતી. પરુંત તપાસ કાર્યવાહી લાંબી ચાલતા અહેવાલ રજૂ કરવાની તારીખ લંબાવી ૧૫ એપ્રિલ કરવામાં આવી હતી. પરંતુ હજી સુધી આ કાર્યવાહી પૂર્ણ થઇ ન હોવાથી અહેવાલ રજૂ કરવાની તારીખ લંબાવવામાં આવી છે. જોકે જીટીયુએ તારીખ લંબાવવાની સાથે વિવિધ કમિટીને તાકીદ કરી છે કે તપાસ અહેવાલ વિવિધ વિદ્યાશાખાની ટર્મ એન્ડ સુધીમાં સુપ્રત કરવાનો રહેશે. જીટીયુ તરફથી જાણવા મળ્યા મૂજબ ઇજનેરીમાં ૨૮મી એપ્રિલ, ફાર્મસીમાં ૨૩મી જૂન, એમબીએ અને એમસીએમાં ૧૨મી મે, એમ ફાર્મમાં ૨૩મી જૂન અને બીફાર્મમાં ૨૬મી મેના રોજ સત્ર પૂર્ણ થાય છે.

તપાસ કમિટીને ઉપરોક્ત તારીખ સુધીમાં તપાસ અહેવાલ રજૂ કરવા તાકીદ કરવામાં આવી છે. તપાસ કમિટીમાં એક ડીન સહિત ચાર સભ્યો છે. અત્રે ઉલ્લેખનીય છેકે હાલ એઆઈસીટીઈ દ્વારા પણ તપાસ કરવામાં આવી રહી છે. આ તપાસની તારીખ પણ લંબાવવામાં આવી છે.

આજથી ચૈતન્ય સ્કૂલ ખાતે સમર કેમ્પ ૨૦૧૨નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં આવેલી ચૈતન્ય સ્કૂલ ખાતે સમર કેમ્પ-૨૦૧૨નું આયોજન કરવામાં આવ્યું છે. આજે તા. ૨૫મી એપ્રિલ-૨૦૧૨થી સ્પોર્ટસ એક્ટીવીટી, ડાન્સ એક્ટીવીટી અને આર્ટ એન્ડ ક્રાફ્ટ એક્ટીવીટીનું શાળામાં આયોજન કરવામાં આવ્યું છે.

સ્પોર્ટસ સમર કેમ્પ ચૈતન્ય સ્કૂલ લેકાવાડા, તા. જિ. ગાંધીનગર ખાતે ૪ થી ૫ અને ૫ થી ૬ કલાક દરમિયાન યોજાશે. જેમાં આઉટડોર ગેઈમ્સ તરીકે ફૂટબોલ ક્રિકેટ અને વોલીબોલ તથા ઈન્ડોર ગેઈમ્સ તરીકે ટેબલ ટેનીસ, ચેસ, કેરમની એક્ટીવીટી કરવામાં આવશે. ડાન્સ એન્ડ આર્ટ-ક્રાફ્ટ સમર કેમ્પ ચૈતન્ય સ્કૂલ જુનિયર, વૈજનાથ મહાદેવ, ચ-૬ સર્કલ નજીક, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે સવારે ૧૦ થી ૧૧ અને સાંજે ૬ થી ૭ કલાક દરમિયાન યોજાશે. ડાન્સ એક્ટીવીટીમાં ક્લાસીકલ, સેમી ક્લાસીકલ, વેસ્ટર્ન, કનટેમ્પરી, લોકીંગ, બોલીવુડ સ્ટાઈલમાં ફોક ડાન્સ, રાજસ્થાની, બીહુ, હીપ-હોપ તેમજ આર્ટ એન્ડ ક્રાફ્ટ એક્ટીવીટીમાં બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ, કલર ટેકનીક, ડ્રોઈંગ, ગ્લાસ પેઈન્ટીંગ, ફેબ્રીક પેઈન્ટીંગની એક્ટીવીટી કરાવવામાં આવશે. આ અંગેની વધુ વિગતો પલક સીંઘ મો. નં. ૯૯૨૫૭૮૮૯૯૧ પર સંપર્ક કરવાથી મળી શકશે.

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા

પરીક્ષામાં સિનિયર પ્રોફેસરોને મોકલવા માટે કોલેજોને આદેશ

એસએમએસ કાંડ બાદ ફેરફાર : ઝોનલ કચેરીમાં તારીખ સમય પ્રમાણે રિપોર્ટીંગ ન કરનાર સામે કડક કાર્યવાહી

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આગામી ૨૮મી એપ્રિલથી શરૂ થઈ રહેલી સમર ૨૦૧૨ની પરીક્ષાની કામગીરીમાં સિનિયર અધ્યાપકોને જ મોકલવા કોલેજોને આદેશ કર્યો છે. વિન્ટર ૨૦૧૨ની પરીક્ષામાં એસએમએસ કાંડ બહાર આવ્યા બાદ જીટીયુએ હેડહોક પ્રોફેસરો બદલે સિનિયર પ્રોફેસરોને જ પરીક્ષાની કામગીરીમાં મોકલવા તાકીદ કરી છે.

સિનિયર પ્રોફેસરોએ પોતાને મળેલી તારીખ અને સમય પ્રમાણે ઝોનલ ઓફિસમાં રિપોર્ટીંગ કરવાનું રહેશે. જો આમ કરવામાં નહી આવે તો જેતે સિનિયર પ્રોફેસર સામે કડક કાર્યવાહી થશે. જીટીયુ દ્વારા અગાઉ લેવાયેલી વિન્ટર ૨૦૧૨ની પરીક્ષામાં એસએમએસ કાંડ બહાર આવતા શિક્ષણ જગતમાં ચકચાર મચી ગઈ હતી. આ કાંડમાં હેડહોક પ્રોફેસરની સંડોવણી બહાર આવી હતી. જોકે હજીસુધી આ કેસમાં પોલીસ તપાસ પૂર્ણ થઈ નથી. આ ઉપરાંત આ કેસમાં કોઈને સજા પણ થઈ નથી. બીજીબાજુ જીટીયુએ હેડહોક પ્રોફેસરની સંડોવણી બહાર આવતા આગામી સમર ૨૦૧૨ની પરીક્ષામાં કેટલાક ફેરફાર કરી પરીક્ષાની કામગીરીમાં સિનિયર પ્રોફેસરને જ મોકલવા તાકીદ કરી છે.

જીટીયુ કોલેજોને કરેલા પરિપત્રમાં જણાવાયું છેકે પ્રત્યેક કોલેજોએ પોતાના સિનિયર પ્રોફેસરોને જેતે ઝોનલ ઓફિસમાં નક્કી કરેલી તારીખ અને સમય પ્રમાણે રિપોર્ટીંગ કરવા મોકલવાના રહેશે. જો કોઈ સિનિયર પ્રોફેસર રિપોર્ટીંગ કરવામાં છટકી જશે અથવા કોઈ બહાનાબાજી કરશે તો તેવા પ્રોફેસર સામે જીટીયુ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. પરીક્ષાની કામગીરીમાં ઉપસ્થિત ન રહી શકનાર પ્રોફેસરએ પોતાના પૂરાવવા રજૂ કરવાના રહેશે.

આ પૂરવવાની ચકાસણી કર્યા બાદ જીટીયુ નિર્ણય લે શે. જો પ્રોફેસરોએ રજૂ કરેલા પૂરાવવામાં ક્ષતી જણાશે તો જીટીયુ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. જીટીયુ કોલેજોને કરેલી તાકીદથી શિક્ષણ જગતમાં ચક્ચાર મચી જવા પામી છે. બીજીબાજુ કોલેજોમાં સિનિયર પ્રોફેસરોની દાદાગીરી સામે કોલેજ સંચાલકો કોઈ પગલાં ભરી શકતા નથી. પ્રોફેસરો યેનકેન પ્રકારે પરીક્ષાની કામગીરીમાંથી દૂર રહેવા પ્રયત્ન કરે છે. આવી પરીસ્થિતિમાં જીટીયુએ જારી કરેલા નવા પરિપત્ર સિનિયર પ્રોફેસરોમાં ખળભળાટ મચી જવા પામી છે.



સ્કૂલ ઓફ એચિવરનાં વિદ્યાર્થી મિહિર સંદીપ બત્રાએ શાળાના વાર્ષિક કાર્યક્રમમાં પોતાની કૌશલ્ય શકિતને પ્રદર્શીત કરી હતી. કરાટે ચેમ્પિયન મિહિરે પોતાના પગથી પળવારમાં ટાઈલ્સના ટૂકડા કરી સૌ દર્શકોને અભિભૂત કરી દીધા હતા.

અભ્યાગતઃ સ્વયં વિષ્ણુઃ અર્થાત્ અતિથિ પરમાત્માનું જ સ્વરૂપ છે

'આચારઃ પ્રથમો ધર્મઃ' એમ કહી સ્મૃતિમાં આચાર વિશે સ્પષ્ટતા કરતાં કહેવાયું છે કે 'શ્રુતિ તથા સ્મૃતિમાં જે નિયમો આપ્યા છે તેને જ સદાચાર જાણીને તેનું આચરણ કરવું.' આપણે ત્યાં સદ્‌શાસ્ત્રોમાં વર્ણાશ્રમોના ધર્મો નિયત કરવામાં આવ્યા છે. તેમાં ગૃહસ્થાશ્રમી માટે નિયત સ્વરૂપે 'પંચયજ્ઞ' કરવાનું વિધાન છે. આ પંચયજ્ઞનો છેલ્લો પાંચમો યજ્ઞ તે અતિથિ પૂજન છે. પણ અતિથિ કોને ગણવો તે માટે મતભેદ પડે તેમ હોઈ શ્રુતિમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે મધ્યાહ્ન ભોજન સમયે આંગણે આવેલાને અતિથિ ગણવો. અતિથિના આદર-સત્કારને યજ્ઞ જેટલું જ મહત્ત્વ ને સ્થાન આપવામાં આવ્યું છે.

અતિથિ સત્કારમાં સંકોચન કરવામાં આવે તે માટે તેને પરમાત્માનું સ્વરૂપ કહ્યો છે. જેમ ઈશની કૃપા હોય તો જ પરમ તત્ત્વનું જ્ઞાન થાય તેમ ઈશની કૃપા હોય તો જ તમારે આંગણે અતિથિ આવે છે. શ્રી વિષ્ણુગુપ્ત ચાણક્યે ચાણક્ય નીતિ ગ્રંથમાં જણાવ્યું છે કે અતિથિ કદાચ ચાંડાલ હોય, પિતૃઘાતક પણ હોય અથવા તો દુશ્મન હોય... પણ જો એ જમવાના સમયે આંગણે આવે તો તેનો સત્કાર જ કરવો. તેને ભોજન કરાવવું. હજારો વર્ષોથી આ

સંસ્કાર ચિંતન

- અનંતરાય ન વ્યાસ

પરંપરા આજે પણ ચાલતી આવી છે. મહેમાનોને બપોરે જમાડ્યા સિવાય મોકલાય નહિ.

આપણે આંગણે આવેલાનું ક્યારેય અપમાન ન કરવું. ગમે તો હોય, કઠોર વચને હડધૂત ન કરવો. કેમકે ઘરબાર લઈ બેઠેલા ગૃહસ્થના ખભા પર જ બાકીના ત્રણ આશ્રમોનો ભાર છે. અભ્યાગતની જવાબદારી ગૃહસ્થે ઉપાડવી પડે છે.

આજની વાસ્તવિક પરિસ્થિતિમાં કદાચ અતિથિ પૂજનની વાત ગળે ન ઊતરે. પરંતુ ભૂખ્યાને ભોજન એ મહાન પુણ્ય છે તેવું માનતા આપણે આપણી શક્તિ પ્રમાણે ભોજન કરાવીએ. કદાચ ભોજન ન કરાવી શકાઈ તો કોઈને જાકારો તો ન જ આપીએ. કવિ કાગે કહ્યું છે, 'તારું આંગણિયું પૂછી કોઈ આવે તો આવકારો મીઠો આપજે.' મીઠો આવકાર જ પૂજન બરાબર છે.

લોકવાણી છે, 'આવો, બેસો, પીવો પાણી. ત્રણે વસ્તુ મફતની આણી.' વાણીની મીઠાશ લઈને પણ તમે સામા માણસનું હૃદય જીતી શકો. આવનાર અતિથિ સ્વરૂપે પરમાત્મા આપણી કસોટી કરવા નહીં આવ્યા હોય તેની શી ખબર !